


બાળમિત્રમાળા

પુસ્તક ૭ મું.

બાળકોની દિવાળી

ભાગ ૧ લો.

લેખક:—

લક્ષ્મીશંકર નાગરદાસ આચાર્ય.

પ્રકાશક:—

બાળમિત્ર કાર્યાલય તરફથી

પોપટલાલ પ્રાણજીવનદાસ ત્રીવેદી.

વ્યવસ્થાપક બાળમિત્રમાળા—કરાંચી.

બાળ મિત્રમાળા. પુસ્તક ૭ મું.

બાળકોની દિવાળી.

ભાગ ૧ લો

લેખક:—
લક્ષ્માશંકર નાગરદાસ આચાર્ય.
માસ્તર, પારસી વીરબાઇજી એંગ્લો વર્ના.-સ્કૂલ—કરાંચી

પ્રકાશક:—પોપટલાલ પ્રાણજીવનદાસ ત્રિવેદી.
વ્યવસ્થાપક બાળ મિત્રમાળા—કરાંચી.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦.

અકટોબર સને ૧૯૧૬.

અમદાવાદ
ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ સોમાલાલ મંગળદાસે છાપ્યું.
ઠે. પાંચકુવા—ચાર રસ્તા.

મૂલ્ય વાર્ષિક ફાળે રૂા. ૦-૧-૦
છૂટક રૂા. ૦-૧-૬.

પ્રસ્તાવના.

બાળ મિત્રો, અમારા સંકેત પ્રમાણે આજે આ " બાળ મિત્ર-માળા "નું સાતમું પુસ્તક "બાળકોની દીવાળી" અમે તમારા હાથમાં સોંપીએ છીએ. આ પુસ્તકમાં વિવિધ વિષયોની સંકલના કરેલી છે તે વાંચી કર્તવ્ય પરાયણ થઈને તમે આદર્શ—નમુનેદાર બનો, તોજ આ પ્રયાસની સાફલ્યતા છે. ॥ અસ્તુ. ॥

અનુક્રમણિકા.

નવું વર્ષ મુબારક!

નવરંગી ફૂલ થાળમાં,
લાવો નાનાં બાળ.
આશિષ આપું આજ હું
ધરી અંતરમાં વ્હાલ.
સુખે રહો સૌ સંપથી,
ધર્મ કર્મ મોઝાર.
ઉદ્યોગી પ્રેમી બની,
કરજો પર ઉપકાર.
ક્ષમા, દયા, સમભાવથી,
સત્ય વદો સંસાર.
વ્હાલાંની સાથે ફરો,
નિત્ય ધરીને પ્યાર.
ધન્ય દિવસ છે આજનો,
ધન્ય તમોને વીર.
વિદ્યા રૂડી આપશે!
સ્નેહ થકી રઘુવીર.
સફળ થજો આ સાલમાં,
સઘળા શુભ વિચાર.
વરસ મુબારક આજનું
હોજો જય જયકાર!!

દંત વૈદકના ફરમાનો.

---

(૧) મોઢું એ શરીરરૂપી કિલ્લાનું સિંહદ્વાર છે. તેની અંદરના ૩૨ પહેરેગીરની બરાબર સંભાળ લેશો, તોજ જંતુ રૂપી દુશ્મનોને અંદર દાખલ થતાં અટકાવી શકશો.

(૨) દાંતની બીમારીઓ, જેવીકે મૂળમાં જામેલી ખેરી અને સડેલા ખાડાઓને દંતમંજનો, તથા દાતણોથી કાંઈ જાથુકનો ફાયદો થતો નથી. એતો માત્ર બહારનીજ સફાઇ છે. અંદરનાં કારણો તો માત્ર દંતવૈદ્યજ દૂર કરી શકે છે.

(૩) વરસમાં બે વખત તમારા દંતવૈદ્યની પાસે દાંતોની હાલત વિષે પરીક્ષા કરાવી સલાહ લેશો, તો દાંતોની અને તમારી જીંદગીમાં વધારો થશે.

(૪) બાળકોના દાંતોની સંભાળ લેવડાવવી, એ તેમની તન્દુરસ્તીની સંભાળ લેવા બરાબર છે.

(૫) પાચનક્રિયા અને ચહેરાને સુધારવા માટે બનાવટી દાંતોનો ઉપયોગ લ્યો. અમારે ત્યાં દાંતોની તપાસ લીધા પછી યોગ્ય સલાહ મફત આપવામાં આવશે.

જન્મ દિવસની બક્ષીસ.

આજે ધનતેરશનો આનંદદાયક દિવસ હતો, છોટુની આજે દસમી વરસ ગાંઠ હતી. તેના ઘરમાં આજે આનંદ આનંદ છવાઇ રહ્યો હતો. ઉત્તમ પ્રકારની રસોઈ બનાવી, સગાં વહાલાંઓને જમવા બોલાવી, માબાપે પોતાનો આનંદ દેખાડયો. અને પિતાએ પોતાના લાડકા છોટુને તેની માગણી પ્રમાણે બક્ષીસમાં એક મજાનું સાઇકલ આપ્યું.

આનંદમાં ઉછળતા છોટુને સાઇકલ મળ્યું ! બસ હવે શી વાર ! સાઇકલપર સ્વાર થઇ છોટુભાઈ સહેલ કરવા નીકળી પડયા ! અને આ જીવ વગરના ઘોડાને હાંકવા એક મજાનો ચાબુખ પણ હાથમાં લઈ લીધો (!) છોટુભાઇની સવારી જાહેર રસ્તો ઓળંગી, ગલ્લીઓ વટાવી, ગામ બહાર રેલવે સડકવાળા મેદાન નજીક આવી પહોંચી. અહીં એક બકરો ચરતો હતો. અટકચાળા છોટુએ તેનાપર ચાબુખ અજમાવ્યો ! બકરાએ સામો હલ્લો કર્યો ! સાઇકલનું પૈડું બકરાના શીંગડાંમાં ભરાયું ! નટુ નીચે પડયો ! અને ચાબુખની દોરી ન સમજી શકાય તેવી રીતે છોટુના પટ્ટામાં અને સાઇકલના પૈડામાં ભરાઇ ગઈ ! આ બધું આંખનો પલકારો થાય તેટલા વખતમાં બની ગયું !

બકરો ચમકયો શીંગડામાં સાઇકલના પૈડા સાથે તે દોડયો! છોટુ બકરાની પાછળ ઘસડાયો! બકરો રેલવેના પાટા તરફ દોડી ગયો! ધમધમ કરતી આગગાડી દોડી આવતી હતી તેની સાથે તે ભટકાયો! બકરો દૂર ઉડી પડયો! છોટુ મરણના અકસ્માતથી બચી ગયો! તો પણ તેના શરીરને ભારે ઇજા થઇ!

જ્યારે આ ખબર તેના પિતાએ સાંભળ્યા, ત્યારે તેમને ઘણો પસ્તાવો થયો! 'જન્મ દિવસની બક્ષીસ સાઇકલ નહિ, પણ પુસ્તક આપવાં જોઇએ.' એમ તેમને લાગ્યું. છોટુએ દિવાળીના દિવસો માંદગીમાંજ ગુજાર્યા.

નાનાં બાળકો પણ મોટાંને શિખામણ આપે ખરાં!

સદાશિવરામ નામે એક ગૃહસ્થ અમદાવાદમાં રહેતા હતા તેમને બે દિકરા અને એક દિકરી મળી કૂલ ત્રણ છોકરાં હતાં. આ ત્રણ ભાઈ બેનમાં વિષ્ણુપ્રસાદ સહુથી મોટો હતો. તેનાથી નાની બેનનું નામ કુમુદ, અને છેક નાનાભાઇનું નામ યશવંત હતું.

વિષ્ણુપ્રસાદની મા બહુ ભલાં, માયાળુ, અને સદ્-

ગુણી હતાં. તેથી તેમના ગુણોની છાપ પોતાનાં છોકરાંઓ ઉપર પડી હતી.

આ ત્રણે ભાઇ બેન બહુ ડાહ્યાં હતાં. એક બીજા સાથે હળી મળીને રહેતાં, અને હોંસે હોંસે ભણતાં હતાં. તેઓ કદી પણ લડતાં કે વઢતાં નહિ. તેમની સોબતમાં આવતાં છોકરાંઓ પણ તેમની રીતભાત જોઇ ડાહ્યાં થતાં.

સવારમાં વહેલું ઉઠવું, દાતણપાણી કરી નાહી લેવું, પોતપોતાના પાઠ તૈયાર કરવા, નાના ભાઇ બેનને શીખવવું. અને પછી જમીને નિશાળે જવું. આ તેમનું સવારનું નિયમિત કામ હતું. સાંજે નિશાળેથી ઘેર આવ્યા પછી થોડો વખત પોતના સોબતી સાથે નિર્દોષ રમતો રમવી, જમવું, અને રાતે માબાપની પાસે બેસીને કાંઇ કાંઇ વાતો કરી તેમને આનંદ આપવો એ તેમનું સાંજનું નિયમિત કામ હતું. તેમના આ કામો ઉપર તેમની મા બરાબર દેખરેખ રાખતાં. પોતાનાં છોકરાં નઠારી સોબતથી નઠારાં ન થાય, તેમજ અભ્યાસમાં પાછળ પડી ન જાય, તેને માટે તેઓ ઘણી કાળજી રાખતાં. આ કારણથી પોતાનાં બાળકોને અજાણ્યાં બાળકો સાથે રમવાની મના હતી. તેથી ઘણું ખરૂં તે ત્રણ ભાઈ બેન સાથેજ રહેતાં.

એક દિવસ વિષ્ણુપ્રસાદનાં માસી (મંગલાગૌરી) તે-

મને ઘેર બેસવા આવ્યાં. તે દિવસે નિશાળમાં રજા હોવાથી ત્રણે ભાઈ બેન ચિત્ર પોથી જોતાં હતાં અને નાના ભાઇને આનંદ કરાવતાં હતાં. તે જોઈ મંગલાગૌરીએ મોટી બેનને પૂછ્યું:—બેન, તમારાં છોકરાં આટલાં નાનાં હોવા છતાં કેટલાં બધાં ડાહ્યાં છે! આ વિષ્ણુ આટલી નાની ઉમ્મરમાં બીજી અંગ્રેજી શીખે છે. આ કુમુદ ગુજરાતી બીજી ચોપડી શીખે, અને આટલો નાનો ચશુ પણ ન. મ. ઓળખી શકે, એતો ભારે નવાઇ જેવી વાત! બેન મારો વિનુ આ વિષ્ણુ કરતાં મોટો છે. તોપણ હજી ગુજરાતી ત્રીજી ચોપડી ભણે છે. બે વરસ થયાં તે ત્રીજી ચોપડીમાં છે, છતાં આ વખતે પાસ થશે કે કેમ તેની પણ મને શંકા છે! બેન, તમારાં છોકરાં જલદી જલદી શીખે છે. તેનું શું કારણ છે?

પોતાની નાની બેનના આ સવાલથી તેમણે વિષ્ણુને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું:–ભાઈ, તારાં માસીબા કહે છે, કે તમે ત્રણે ભાઇબેન જલદી જલદી શીખો છો, અને વિનુ પાછળ પડી જાય છે એનું શું કારણ હશે? વિષ્ણુએ કહ્યું માસીબા:—

માતા શીખવે મુજને, બેન શીખે મુજ પાસ;
નાનો બેન કને શીખે, એમ થાય અભ્યાસ.

(કૃષ્ણપ્રસાદ.)



માતા શીખવે મુજને બેન શીખે મુજપાસ;
નાના બેન ને શીખે, એમ થાય અભ્યાસ

(ગીતમાળા.)

લક્ષ્મી આર્ટ, ભાયખળા, મુંબઈ



ભરત ખંડનો પ્રતાપી બાળક સર્વદમન.

વિષ્ણુના આ ખુલાસાથી મંગલાગૌરીની આંખ ઉઘડી પોતાનાં બાળકોને માટે પોતે કાંઇ કાળજી રાખતાં નથી એ સમજાયું. અને પોતાના મન સાથે નક્કી કર્યું. કે "આજથી હું વિનુના અભ્યાસને માટે કાળજી રાખીશ."

મંગલાગૌરીની કાળજીથી વિનુ ત્રીજી ચોપડીમાં પાસ થયો.

નાનાં બાળકો પણ મોટાંને શીખામણ આપે ખરાં!

સર્વદમન (ભરત).

મારા બાળમિત્રો,

આપણા ભરતખંડના મહા પ્રતાપી બાળકનું ચિત્ર તમને આજના આ આનંદદાયક દિવસે બતાવતાં મને ઘણો આનંદ થાય છે. આ ચિત્રમાં તમે એક બાળકને જુઓ છો. જુઓ તે શું કરે છે! વાઘના બચ્ચાના દાંત ગણે છે. ઘણી નવાઇ જેવી વાત! બાળક વાઘના બચ્ચાના દાંત ગણી શકે?

હા, આ બાળક મહા પ્રતાપી છે. તેનું નામ ભરત છે. પણ જેમ આ વાઘના બચ્ચાને સતાવે છે તેમ તે નાનપણમાં બહુજ તોફાની હતો અને સહુને બહુ સતાવતો. તેથી તેની માએ તેનું હુલામણાનું નામ સર્વદમન (બધાને દુઃખ દેનાર) રાખ્યું હતું. આ સર્વદમન જ્યારે મોટો થયો ત્યારે તે પોતાના પરાક્રમથી આપણા આખા દેશનો રાજા થયો. અને પોતાની પ્રજાને ઘણું સુખ આપ્યું. તેના આવા પરાક્રમથી અને રાજા તરીકેના ઉંચા ગુણોને લીધે તેનું નામ આપણા દેશ સાથે જોડાયું–તેના નામ ઉપરથી આપણા દેશનું નામ ભરતખંડ પડયું.

કહો, આ બાળક પરાક્રમી ખરો કે નહિ ?

બાળકો, તમે પણ આ સર્વદમન જેવાંજ પરાક્રમી છો. તમારા મનને કાબુમાં રાખી, માતા પિતા અને ગુરૂની આજ્ઞામાં રહી. ખરી ખંતથી વિદ્યા ભણુશો, તો તમે પણ આપણા દેશના મોટા માણસ તરીકે જગજાહેર થશો. અને બહુ આબરૂ મેળવી શકશો.

પ્રભુ તમને વિદ્યા ભણવામાં મદદગાર થાઓ !

। अस्तु ।

દિવાળીનો આનંદ.

"કેવું મંગલમય પ્રભાત! મધુરા પવનની ઠંડી લહેરો અને સૂર્ય દેવનાં સોનેરી કિરણો નવા વર્ષની મુબારક બાદી આપવા દોડી આવ્યાં છે."

"અહા! આ કુમુદ બ્હેને બનાવેલા નાના સરખા બગીચાનું ખીલેલું ગુલાબ પુષ્પ પણ જાણે કંઇ જુદોજ ભાવ બતાવે છે. તેનું મનોહર મંદ હાસ્ય મારા આનંદનો વધારો કરે છે.

અરે! આતો વળી વારંવાર માથું નમાવી આવકાર આપતું હોય એમ જણાય છે, શું! તેને મારી પાસે આવવું હશે? હા. ખરેખર એમજ લાગે છે. ઠીક. આવ, તું મારૂં સહવાસી બનીશ તો બંનેને મઝા પડશે." આ પ્રમાણે કહી નવિનચંદ્રે ગુલાબના ફૂલને વહાલથી હાથમાં લીધું. અને કુમુદ બ્હેનના નાના બાગમાંથી દિવાનખાના તરફ પ્રયાણ કીધું.

દિવાનખાનામાં નારાયણ શર્મા, વિદ્યાગૌરી અને કુમુદ બેઠાં હતાં. અહીં પણ આનંદનીજ લહરીઓ ઉભરાતી હતી તેવામાં નવિન જમણા હાથમાં ગુલાબનું તાજું ફૂલ લઇને હસતો હસતો આવ્યો. અને તે ફૂલ કુમુદ બ્હેનના હાથમાં

મૂકીને કહ્યું. "બ્હેન. લ્યો આ ફૂલ તમારાં બનાવેલા બાગમાંથી લાવ્યો છું.

કહો, કેવું સુંદર છે? તેનો વાસ કેવો મોહક છે? તે તમારા હાથમાં છે. તો પણ આ શિતળ પવન તેના વાસને મારી તરફ ધસડી લાવે છે."

"નવિનભાઇ, ફૂલ તો સરસ છે. પણ તમે આવા સુંદર ફૂલને વધારે વખત ખીલેલું જોવા ઇચ્છતા હો, તો તેના પર પાણીનો છંટકાવ કરતા રહેજો! નહિ તો કરમાઈ જશે. કુમુદ બ્હેને ભાઇને શિખામણ આપી. ફૂલ ભાઇને પાછું આપ્યું.

"ઃ ઠીક બ્હેન તમે કહો છો તેમજ કરીશ."

"વારૂ, તેતો ઠીક. પણ હું આંગણામાં સાથીઆ પુરતી હતી, ત્યારે બાએ તમને પાન બનાવવાનું કામ સોંપ્યું હતું; તે કરી લીધું કે?"

"ના બ્હેન, તેતો હું ભુલી ગયો છું. લાવો, પાનદાની કયાં છે? હમણાંજ બનાવી નાંખું."

ભાઇ, તમને બાગમાં વિનોદ કરતા જોઇ તમારૂં એ કામ મેં કરેલું છે. પણ હવે પછી એવી ભુલ ન કરશો. માતાપિતા અને વડીલોએ સોંપેલું કામ પહેલાં કરવું, રમતગમત તો પછીથી પણ થાય. તે તો તમે જાણો છો

ના ?" કુમુદ બ્હેને ભાઇની ભૂલ બરાબર સમજાવી.

નવિને કહ્યું—"હા બ્હેન. તે હું બરાબર જાણું છું, પણ આજે મારી ખરેખરી ભૂલ થઇ છે. હવે શું કરવું ?"

"તે થયેલી ભૂલને માટે તમે બા પાસેથી માફી માગી લ્યો એટલે થયું."

વિદ્યાગૌરી તથા નારાયણ શર્મા પોતાનાં બાળકોનો આવો નીતિયુક્ત વિનોદ જોઈ મંદ મંદ હસતાં હતાં. એટલામાં કુમુદ બ્હેનની શિખામણથી નવિનચંદ્રે પોતાની બા પાસે માફી માગી.

વિદ્યાગૌરીએ માફી આપતાં કહ્યું કે–"મારાં વહાલાં બાળકો, તમારો વિવેક અને સદાચરણ જોઇ અમને ઘણો આનંદ થાય છે. તમારી આવી રીત ભાતથી જગત્‌પિતા પરમેશ્વર તમારા ઉપર રાજી રહેશે તમે સદા સુખી થશો !"

બાળકો, તમે જોયું કે ? માતા પિતાના શુદ્ધ અંતઃકરણની આશિષ તો આવાં સદ્‌ગુણી બાળકો હોય તેજ મેળવી શકે છે.

ઉપરની વાતચીત પુરી થઈ એટલામાં કુમુદ અને નવિનના મહાશંકર મામા તથા મહાકોર મામી આવી પહોંચ્યાં. તેમના આવવાની રાહ જોઇને જ સૌ બેઠાં હતાં. તેથી આવ્યાં કે તુરત મળ્યાં અને ભેટયાં. કુમુદ તથા નવિન

બંને ભાઇ બ્હેન મામી પાસે દોડી ગયાં. મામીએ મલકાતાં મુખડે બંને ભાણેજોને વહાલથી તેડી લીધાં.

થોડીવાર પછી જમવાની તૈયારી કરી, નવિને પાટલા નાંખ્યા. અને કુમુદે પાણીના લોટા ભર્યા. સૌ સાથે બેસી જમ્યાં. અને છેવટે પાનસોપારી ખાઇ આનંદ કર્યો. કેવો ઉત્તમ દિવસ ?

પ્રિય બાળકો, કુમુદ અને નવિન બંને ભાઇ બ્હેન પોતાની ફરજ બરાબર સમજે છે. તેમનામાં નાનપણથી જ આવા સદ્‌ગુણ છે. તો મ્હોટાં થયે તેઓ કેવાં નમુનેદાર થશે ? તમે પણ માત પિતાની શુભાશિષો મેળવી નમુનેદાર બનો ! અને સેવાનાં કાર્ય કરો ! અસ્તુ.

માનો પ્રેમ.

અહા ! કેવો મનોહર દેખાવ ! ધ્વજા અને વાવટાઓથી શણગારેલા આ દરવાજામાં માણસોનાં ટોળે ટોળાં આવવા લાગ્યાં ! પણ આ શું ? આ ટોળાંઓમાં ઘણીતો સ્ત્રીઓજ છે. અને તેમની સાથે એક એકથી સુંદર બાળકો છે ! કોઈ બાળક પોતાની માના ખભા પર રમી રહ્યું છે,

તો કોઇ હાથ ગાડીમાં પડયું પડયું ખીલી રહ્યું છે। કોઈ ધજા વાવટા જોઈ હસે છે, તો કોઇ આયા પાસેથી નીચે ઉતરી દોડવા માંડે છે. આ બધાં બાળકો જોઇ હું દીંગ થઈ ગયો. અને ત્યાં ઉભેલા એક માણસને પૂછયું "ભાઈ આ બાળકોને લઇને આ બધી સ્ત્રીઓ ક્યાં જાય છે?" મને જવાબ મળ્યો. "આ મંડપમાં બાળકોનું પ્રદર્શન છે. આ બધાં બાળકોમાં જે પહેલા નંબરનું ગણાશે, તેને સારૂં ઈનામ મળશે" હું પણ આ પ્રદર્શનની મજા લેવા તે દરવાજામાં ગયો. થોડા વખતમાં તો બાળકો અને સ્ત્રીઓથી આ મંડપ ઉભરાઇ ગયો. સહુ પોતપોતાની મુકરર કરી રાખેલી જગ્યાએ ગોઠવાઈ ગયાં. ઇનામને માટે બાળકોના નંબર નક્કી કરવાને એક પછી એક બધાં બાળકોને તોળવામાં આવ્યાં. શરીરનો બાંધો જોઇ તેના માર્ક આપવામાં આવ્યા. સુન્દરતા અને ચપળતાના પણ માર્ક મળ્યા. આમ બધી બાબતોના જુદા જુદા માર્કો ઉપરથી પરિણામ જાહેર થયું. એક ચાર વર્ષના સુન્દર બાળકનો પહેલો નંબર આવ્યો.

પરિણામ જાહેર થતાંજ આ ભાગ્યશાળી બાળકને જોવાને જન સમુદાય ઉલટયો. સહુ કોઇ તેને ધારી ધારીને જોઇ, તેનાં વખાણ કરી, ચાલ્યાં જતાં હતાં. પરન્તુ એક ધનાઢય ગૃહસ્થ ઘણી વાર થયાં આ બાળકને જોઈજ રહ્યા હતા. તેઓ શા માટે તેને આમ જોઇ રહ્યા હશે? શું!

તે બાળક ઉપર તેમને ઘણું વહાલ આવતું હશે ? કે, તે બાળક તેમનું હશે !

બાળકો, આપણે આમ ખોટા વિચાર કરવાની જરૂર નથી. જુઓ તે ગૃહસ્થ પોતાની ઈચ્છા તે બાળકની માતાને જણાવે છે.

"બાઈ, મારે કાંઇ પણ સંતાન નથી. આ તારા સુન્દર બાળકને જોઇ મને મોહ થયો છે. તેનો ચહેરો આબેહુબ મારા વડીલના ચહેરાને મળતો છે. તેથી તેમના જેવા ઉત્તમ ગુણો આ બાળકમાં હશે એમ હું ધારૂં છું. અને તેને મારી અગણિત સંપત્તિનો માલિક બનાવવા ઇચ્છું છું. જો તું તારૂં બાળક મને સોંપે, તો હું તને એક લાખ પૌંડ એટલે કે ૧૫ લાખ રૂપીઆ આપું."

ગૃહસ્થની માગણી સાંભળીને તુરતજ તે બાઇએ જવાબ આપ્યો "મારૂં બાળક એટલે મારી અમર–આશા. જો આ પૃથ્વીપરની કુલ સંપત્તિ એકઠી કરીને કોઈ મને આપે, તોપણ હું મારા બાળકને ન આપું." આ બાઇ મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતી હતી. છતાં તેણે પોતાના બાળક પરના પ્રેમને લીધે ૧૫ લાખ રૂપીઆ જેવી મોટી રકમને તુચ્છ ગણી.

અહા ! કેવો માતાનો નિર્મળ પ્રેમ !

નમુનારૂપ બાળકો.

પ્રકરણ ૧ લું.

ભયંકર પ્રસંગ.

"બાપા ! બા કેમ રોવે છે ? ઈ કીયારે સાજી થાશે ?" આંખમાં આંસુ લાવીને નટુ પોતાના બાપને પૂછતો હતો. તેને રડતો જોઇ વિનુ પણ રડવા લાગ્યો. તેથી ગોવિંદરામે તેને તેડી લીધો અને નટુના વાંસાપર હાથ ફેરવીને ધીરજ આપવા લાગ્યો. "સાજી થઈ જશે બાપુ ! તારી બા હમણા સાજી થઇ જશે" ગોવિંદરામ નટુને આમ ધીરજ તો આપતો હતો પણ તે વખતે તેના મગજમાં કેવા વિચારો ઘોળાયા કરતા હતા; તે કહેવું ઘણું કઠણુ છે. તેણે સહુના મનનું તો સમાધાન કર્યું, પણ તેજ વખતે તેનો કંઠ રૂંધાઇ ગયો, અને આંખમાં આંસુ ચમકવા લાગ્યાં !

ગોવિંદરામ હાલમાં બહુ ભયંકર સંકટમાં આવી પડયો હતો તેની પત્ની વિજયાલક્ષ્મીને પ્લેગ થયેલો હોવાથી તેને આરામ થવા બીલકુલ સંભવ ન હતો. આજતો તેની સ્થિતિ બહુજ ભયંકર હતી. આવે વખતે નટુએ ઉપરનો

સવાલ કરેલો હોવાથી ગોવિંદરામના અંતઃકરણમાં કેવો આઘાત થયો હશે! એ કહેવાની જરૂર નથી.

ગોવિંદરામ મૂળ સિદ્ધપુર તરફનો રહેવાસી હતો પરન્તુ નોકરી નિમિત્તે તે કેટલાંક વરસ થયાં મુંબઈમાં રહેતો હતો. તેના ઘરની સ્થિતિ બહુજ ગરીબ હોવાથી મહા મુસીબતે તેણે માત્ર ગુજરાતી અભ્યાસ કરેલો હતો. અંગ્રેજી અભ્યાસ કરવાની તેની પ્રબળ ઇચ્છા હોવા છતાં માત્ર ગરીબાઈનાજ કારણથી ભણવાનો વિચાર પડતો મૂકી મુંબઈમાં ગુજરાતી સ્કૂલ માસ્તરની નોકરી પસંદ કરીને પોતાનો સંસાર ચલાવવા લાગ્યો. ગુજરાતી સ્કૂલ માસ્તર એટલે સાક્ષાત ગરીબાઇનો અવતાર. તેમાં વળી મુંબઇ જેવા શહેરમાં સહકુટુંબ રહેવાનું! અધુરામાં પૂરું ગોવિંદરામને વડીલ તરફથી વારસામાં મળેલું થોડું ઘણું કરજ પણ હતું!

આ પ્રમાણે ગોવિંદરામની આર્થિક સ્થિતિ જો કે બહુજ ખરાબ હતી, તોપણ તેને ચાર સદ્ગુણી બાળકો હતાં. તેમને જોઇને તે પોતાનું સર્વ દુઃખ ક્ષણવાર ભૂલી જતો. તેનો મોટો દીકરો જગદીશ હાઈસ્કૂલમાં છઠું ધોરણ શીખતો હતો. દીકરી વિમળાએ ગુજરાતી કન્યા-શાળાનો અભ્યાસ પુરો કર્યો હતો. અને હાલમાં તે પોતાની માની

દેખરેખ નીચે સઘળું ઘરકામ કરતી, અને ફુરસદના વખત-માં સારાં સારાં પુસ્તકો વાંચતી. નટુ હજી સ્કૂલમાં જતો ન હતો. અને નાનો વિનુ છેક બાળક હતો. વિજયાલક્ષ્મી બહુ સારા સ્વભાવની અને કેળવાયેલી હોવાથી પોતાના ઘરની વ્યવસ્થા અને બાળકોની દેખરેખ બહુ ઉત્તમ પ્રકારે રાખતી. ફક્ત પૈસાની તંગીને લીધે ગોવિંદરામ અને તેના કુટુંબને વારંવાર સોસવું પડતું. જો એટલું દુઃખ તેમને ન હોત, તો તેઓ સંસારમાં સ્વર્ગનો અનુભવ કરી શકત !

ગોવિંદરામની આ પ્રમાણે સ્થિતિ છે, વિજયાલક્ષ્મી પ્લેગમાં સપડાયાં છે, દવાના બંદોબસ્તને માટે એક પાઈ પણ ઘરમાં નથી, કેવો ભયંકર પ્રસંગ ! ગોવિંદરામ છેક ગભરાઈ ગયો. પણ 'માથે આવી પડેલા પ્રસંગમાં ગભ-રાયે આરો આવવાનો નથી.' એવો વિચાર કરીને કોઈની પાસેથી કરજે કાઢીને અને ઉછીતા પૈસા લઈને દવા વગેરે-નો બંદોબસ્ત કર્યો. વિજયાલક્ષ્મી આ દુઃખમાંથી જલદી સારી થાય એમ સર્વની ઇચ્છા હતી, પરન્તુ ઇશ્વરેચ્છા કાંઇ જુદીજ હતી !

પોતે આ માંદગીમાંથી ઉઠવાની નથી એમ લાગત. વિજયાલક્ષ્મીએ પોતાનાં બન્ને મોટાં છોકરાંઓને બોલાવી-ને કહ્યું "જગદીશ તું હવે બધું સમજે છે. ભાઈ, તા...રા

પિ–તાને સુ....ખ આ....પજે. આ મારી છે....વટ....ની ઈચ્છા! વિમળા, તું ડાહી થ....જે! તારાં ભાં....ડ....રૂંને સં....ભાળજે! તા....રા પિ....તા....ની ત....બી....યત સા-ચવ....જે. આમ બોલતાં બોલતાં તેની જીભ અટકી, માની છેલ્લી ઘડી જોઇ જગદીશનો કંઠ ભરાઈ આવ્યો. વિમળાતો રડવા લાગી. ગોવિંદરામનું અંતઃકરણ ભરાઇ આવ્યું. નાનાં છોકરાંઓ ગાંડા જેવાં બની સર્વનાં મુખ તરફ જોવા લાગ્યાં. જગદીશે બહુ પ્રયત્નથી રડવું અટકાવીને ગદગદિત સ્વરે કહ્યું “બા મારા બાપા અને મારા ભાંડરૂંને સુખી કરવામાં હું મારા પ્રાણની પણ દરકાર નહિ કરૂં. બા, તારા છેલ્લા શબ્દો હું કદી પણ ભૂલીશ નહિ.” જગદીશનો ઉત્તર સાંભળી તેની માને સંતોષ થયો હોય, એમ તેના ચહેરા પર જણાયું. વિજયાલક્ષ્મી આ પછી બીલકુલ બોલી શકી નહિ. થોડા વખતમાં તેનો પ્રાણ પરલોકવાસી થયો! આ ગરીબ કુટુંબપર આ ભયંકર પ્રસંગ આવી પડયો! ગોવિં-દરામની, અને તેનાં છોકરાંની કરૂણાજનક સ્થિતિ જોઇને કયો સહૃદય મનુષ્ય તેમના તરફ દયાની લાગણી નહિ દર્શાવે?

પ્રકરણ ૨ જું.

હવે શું કરવું ?

પત્નિના મૃત્યુથી ગોવિંદરામનાપર જે ભયંકર પ્રસંગ આવી પડયો, તેને લીધે તે બહુ ઉદાસ થઇ ગયો. ઘણી વખત એવું બને છે, કે દુઃખ ઉપર દુઃખ આવી પડે છે. ગોવિંદરામના સંબંધમાં પણ એમજ બન્યું. વાચક સારી રીતે જાણે છે જ કે વિજયાલક્ષ્મીની માંદગીના ખર્ચેને માટે તેણે કરજ કરેલું હતું. આગળનું કરજ તો તેના માથે હતું જ. એટલાથી પણ હદ નહિ થવાની કે વળી નવું કરજ કરવાનો પ્રસંગ તેના માથે આવી પડયો. વિજયાલક્ષ્મીના મૃત્યુ પછી નટુ માંદો પડયો, અને તેને માટે ગોવિંદરામે પાણી પ્રમાણે પૈસા વાપર્યા. આ પૈસા સાર્થક થયા, અને નટુ માંદગીમાંથી ઉઠયો. માત્ર ગોવિંદરામના માથાપર આ નવા કરજનો બોજો ચડયો એ કહેવાની જરૂર નથી.

વિમળા મોટી ઉમ્મરની થવાથી તેના લગ્નની એક મોટી ફીકર ગોવિંદરામને લાગેલી હતી. પોતાની કન્યાને સારૂં ઘર મળે. એવી તેની તીવ્ર ઇચ્છા હતી, અને તે ઇચ્છા પાર પાડવા માટે તેણે ઘણી જગ્યાએ તજવીજ પણ કરી હતી. પરન્તુ ગુજરાતમાં આજકાલ જ્યાં ત્યાં ભારે પહે-

રામણી સિવાય કન્યાને સારૂં ઘર મળવું બહુ કઠણુ થઈ પડયું છે! તો પછી વિમળા જેવી ગરીબ માબાપની કન્યાનો કોણુ સ્વીકાર કરે?

શાહુકારોએ પણુ પોતાનું લેણું વસુલ કરવાને ગોવિંદરામની પાસે ઉપરાઉપર ઉઘરાણી શરૂ કરી હતી. હાલની સ્થિતિમાં તેને ફક્ત વ્યાજ ભરવા જેટલું પણુ સામર્થ્ય નહતું તો પછી દેણું તો કયાંથી જ ભરી શકે? ભાડાના પૈસા ચડી જવાથી મકાન માલિકે પણુ સખત ઉઘરાણી શરૂ કરી હતી. આ પ્રમાણે ગોવિંદરામની પાસે ચારે તરફથી પૈસાની માગણી થવા લાગી. પરન્તુ જ્યાં ખર્ચ નીભાવવાના પણુ સાંસાં છે, ત્યાં દેણું કઇ રીતે ભરી શકાય? સઘળું સહન થાય, પણુ કોઈનું દેણું સહન થઈ શકે નહિ. બીજાના કરજદાર થતાં કેવાં કેવાં અપમાનો સહન કરવાં પડે છે, તે અનુભવ વિના સમજાય તેમ નથી. પ્રભુ! એ કપરો અનુભવ કોઇને પણુ ન કરાવો!

પત્નીના મૃત્યુનું દુઃખ, નટુનો મંદવાડ, વિમળાના લગ્નની ફીકર, સાહુકારોની સખ્તાઇ વગેરે બાબતોથી ગોવિંદરામનું ચિત્ત બહુજ અસ્વસ્થ થઈ ગયું. 'હવે મારૂં શું થશે?' આ ચિંતા એકસરખી રીતે તેના હૃદયને બાળવા લાગી. અતીશય ચિંતાનું પરિણામ તેના શરીરપર જણાયા સિવાય રહ્યું નહિ. તેને ઝીણો તાવ આવવા લાગ્યો, અને બહુ અશક્તિ જણાવા લાગી. તો પણુ શરૂઆતમાં તો તેણે તે

તરફ બીલકુલ લક્ષ આપ્યું નહિ. તેથી દિવસે દિવસે તેની પ્રકૃતિ બગડતી ચાલી. અને છેવટે ખાટલે પડવાથી રજા લેવાની જરૂર પડી. તે પણ અર્ધા પગારે મળી. હવે ગોવિંદરામ છેક હતાશ થઇ ગયો. એક તો ટૂંકો પગાર, અને તે પણ અર્ધો થઇ ગયો. આવી સ્થિતિમાં ધીરજ કેમ રહે? પિતાની માંદગીને લીધે ઘરનો વ્યવહાર છોકરાંપર આવી પડયો! દુનિયાનો બીલકુલ અનુભવ નહિ, ઘરની ગરીબ સ્થિતિ, દુઃખના વખતમાં દિલાસો આપે તેવું કોઇ નહિ! જેના ઉપર ઘરનો સર્વ આધાર તે વડીલની માંદગી! આવા વખતે છોકરાંઓ બિચારાં શું કરે? તોપણ જગદીશ અને વિમળાએ ધીરજ ન છોડતાં ઇશ્વરપર આધાર રાખીને પોતાના વડીલની અને નાનાં ભાંડરૂની બરદાસ કરવા માંડી.

ગોવિંદરામે આજ સુધી પોતાની સ્થિતિ જગદીશને બીલકુલ જણાવી નહતી. પરન્તુ જગદીશ ચાલાક હોવાથી પોતાના ઘરની તમામ સ્થિતિથી તે સારી રીતે માહિફગાર હતો, અને તેને સુધારવા માટે પોતાની બુદ્ધિ પ્રમાણે તે વિચાર પણ કરતો હતો. તે અભ્યાસમાં બહુ હોશિયાર અને સદ્‌ગુણી હોવાથી સર્વ તેને ચાહતા. તેણે આજસુધીનું પોતાના વિદ્યાભ્યાસનું ખર્ચ કેવળ સ્કોલરશીપ પરજ નીભાવ્યું હતું. પરન્તુ હવે અભ્યાસનું ખર્ચ નીભાવવા ઉપરાંત પોતાના વડીલને પૈસાની મદદ કરવાની ઘણી જરૂર

છે એમ તેને જણાવા લાગ્યું. અને તેને માટે અમુક નિશ્ચય પણ કરી લીધો. અને આ નિશ્ચય અમલમાં મૂકતાં પોતાને જે મુસીબત વેઠવી પડે, તે દ્રઢ મનથી સહન કરવાની તેણે દ્રઢ પ્રતિજ્ઞા લીધી.

ગોવિંદરામને પોતાની સ્થિતિની એકસરખી ફિકર લાગેલી હતી. તે રાતદિવસ તેજ ચિંતા કર્યા કરતો હતો એક દિવસ રાત્રે તેણે વિચારમાં ને વિચારમાં દુઃખપૂર્ણ નિઃસાસાની સાથે "અરે પ્રભુ! હવે મારૂં શું થશે?" એમ ઉદ્‌ગાર કાઢયો. પરન્તુ તરતજ ચમકી ઉઠીને આમતેમ જોવા લાગ્યો. અને છોકરાંઓને સુઇ ગએલાં જોઇ તે બીછાનામાં પડયો. પોતાની દુઃખી હાલત છોકરાંઓ ન જાણે તે માટે તે હમેશાં ઘણો સાવધ રહેતો. આ વખતે રાત્રી ઘણી ગયેલી હોવાથી છોકરાંઓ સુઇ ગયાં છે અને તેથી મારા અંતરના દુઃખી ઉદ્‌ગારો તેઓએ સાંભળ્યા નથી એમ તેણે ધાર્યું. પણ તેની આ ધારણા ભૂલ ભરેલી હતી. ઉપરના ઉદ્‌ગારો કાને પડતાંજ વિચાર વમળમાં પડેલો જગદીશ વિચાર નિદ્રામાંથી જાગ્યો, અને ગદ્‌ગદિત કંઠે કહેવા લાગ્યો. "બાપા, આમ નિરાશ ન થાઓ, પ્રભુ દયાળુ છે. તેને અમારા જેવાં બાળકોની દયા આવ્યા વગર નહિ જ રહે!" પોતાનો ઉદ્‌ગાર જગદીશ સાંભળી ગયો જાણી ગોવિંદરામના મનમાં બહુ ખેદ થયો. તેણે કહ્યું "જગુ હજી તને ઉંઘ નથી આવી? સૂઇજા ભાઈ, વધારે વખત જાગીએ તો માંદા

પડી જવાય." "બાપા, આપણી સ્થિતિ કેવી છે, હાલમાં આપનાપર કેવો કઠણ પ્રસંગ આવી પડયો છે, આપ કઇ કઇ ચિંતામાં છો એ બધી બાબત મારા જાણવામાં છે, તેને માટે હવે શું ઉપાયો કરવા તે સંબંધીજ હું વિચાર કરતો હતો. ઇશ્વર કૃપાથી હું આપને જલદી સુખી કરીશ."

જગદીશનું ભાષણ સાંભળી ગોવિંદરામનું મન કાંઇક શાંત થયું. પણ તરતજ નિસાસો નાખી કહ્યું "પણ બાપુ, તારે ભણવાનું શું થશે?" "પિતાજી વિદ્યાભ્યાસ છોડી દઇને ગમે ત્યાં નોકરી કરીને—આપને મદદ કરવાનું મારા મનમાં છે જ નહિ. હું મારો અભ્યાસ ચાલુ રાખીશ અને આપને મદદ કરીશ. હવે આપ બધી ચિંતા છોડી દ્યો. આપ સ્વસ્થ ચિત્તથી અમારાપર દેખરેખ રાખો. બાપા, આપ દુઃખમાં દિવસો કાઢો, અને અમે મોજમજા ભોગવીએ તો પછી અમારૂં જીવ્યું શું કામનું? મારી બાના છેવટના શબ્દો મારા કાનમાં ઘૂમી રહ્યા છે. હું આપને અને મારાં ભાઇબેનોને સુખી કરવા મારાથી બનતું કરીશ."

જગદીશનું ભાષણ સાંભળી ગોવિંદરામના હૃદયનો ભાર ઓછો થયો. અને ઇશ્વરે પોતાને આવો સદ્ગુણી પુત્ર આપવા બદલ તેનો બહુ પાડ માન્યો. જગુને તે રાત્રે બીલકુલ ઉંઘ આવી નહિ. હવે શું કરવું? બાપાને અને ભાઇબેનને કેવી રીત મદદ કરવી તેનો વિચાર કરવામાં જ તેણે આખી રાત ગાળી.

પ્રકરણ ૩ જું.

'કઠીન સમય આવતાં ન કોઇ કોઇનું સગું !'

આજ રજાનો દિવસ હોવાથી જગુએ ગઈ રાત્રે જે જે વિચારો કરી રાખ્યા હતા. તે અમલમાં મૂકવાને તૈયાર થયો ગોવિંદરામને પાછલી રાત્રીની જરા ઉંઘ આવી હતી. 'તેમને સ્વસ્થપણે ઘડીક સુઇ રહેવા દેજે,' 'નહુ, વિનુને ગરબડ કરવા દઈશ નહિ,' 'તેઓ જાગે ત્યારે આ દવા આપજે' વગેરે હકીકત બેનને સમજાવીને જગુ ઘર બહાર જવાની તૈયારીમાં હતો, તેવામાં વિમળાએ તેને એક બાજુ બોલાવ્યો અને આંખમાં આંસુ લાવીને બોલી:—"ભાઈ અત્યારમાં તમે ક્યાં જાઓ છો, એ બધું હું જાણું છું. રાતની તમારે બાપા સાથે થયેલી બધી વાતચીત મેં સાંભળી છે. હું તે વખતે જાગતીજ હતી. ભાઇ તમે તમારા પર જબરી જવાબદારી લીધી છે. શું હું તમને કાંઇ મદદ ન કરી શકુ ? બાપાની ફિકર દૂર કરવાને મારી પણ બહુજ ઈચ્છા છે. જો હું બાપાની મુસીબતમાં તેમને નજીવી પણ મદદ ન કરી શકું તો મારૂં જીવ્યું શું કામનું ? ભાઈ, આપણે બન્ને ભાઇબેન મહેનત કરીશુ, તો જરૂર બાપાની થોડી ઘણી ચિંતા દૂર કરી શકશું."

"બેન બાપાની બધી ચિંતા પૈસા સંબંધીજ છે. તે તું કઇ રીતે મટાડી શકે? તું તેમને થોડી મદદ કરે છે? રસોઈ કરીને અમને સર્વને જમાડવાં, નાનાં ભાંડરૂની સંભાળ રાખવી, બાપાની માવજત કરવી. આ બધાં કામ નાનાં સુનાં નથી. બાની પછવાડે તેં જો આવી ઉત્તમ પ્રકારની વ્યવસ્થા રાખી ન હોત, તો અમે કેટલા બધા દુઃખી થયા હોત! બેન, તારા તરફથી અત્યારે મળતી મદદજ પૂરતી છે."

"ભાઇ, તમે કહો છો તે તો બધું ઠીક, પણ માત્ર તેટલાથીજ કાંઈ મારી ફરજ પુરી થઇ જતી નથી. 'કોઈ પણ ઉપાયે થોડી ઘણી પણ પૈસાની મદદ બાપાને આપી શકાય તો સારૂં.' આ વિચાર વારંવાર મારા મનમાં આવ્યા કરે છે. વારૂ, ભાઇ એ વિષેનો હું નિર્ણય કરી લઇશ. તમે તમારૂં કામ ફતેહ કરી વહેલા ઘેર આવજો" બેનની લાગણી જોઇ જગદીશ સ્તબ્ધ બની ગયો. છેવટે 'હું હમણાજ આવું છું' કહી તે બહાર નીકળી પડયો. ભાઈના ગયા પછી પણ વિમળા કેટલોક વખત વિચાર કરતી ત્યાંજ ઉભી રહી. પોતાના પર આવી પડેલો વિકટ પ્રસંગ તેની સામે મૂર્તિમંત ઉભો રહ્યો. 'પ્રભુ તું દીન દયાળ છે, તો પછી અમારાપર આવા વિકટ પ્રસંગ કાં નાખે છે?' 'અરે! ના, ના. હું ભુલું છું. તું અમારાપર

સદા દયાળુજ છે. અમારી પિતૃભક્તિ કેવી છે તેની તું કસોટી કરે છે. પ્રભુ અમે તારા શરણે છીએ! અમારા પ્રયત્નોમાં તું મદદગાર થા! તારા સિવાય અમને કોઈનો આધાર નથી." આ પ્રમાણે વિમળા પોતાના મનમાં બબડતાં બબડતાં બંને હાથ જોડી માથું નમાવી અત્યંત ભક્તિભાવથી પ્રભુને પગે લાગી. એવામાં "બ્હેન ભુલી મને પગે લાગી" "બ્હેન ભુલી મને પગે લાગી" એમ જોરથી બૂમો પાડતો નટુ નાચવા અને કૂદવા લાગ્યો. આ અવાજથી વિમળા શુદ્ધિમાં આવી અને તરતજ નટુને તેડી લઇ કેડે બેસાડયો અને બોલતો બંધ રાખવાને કહ્યું. 'વારૂ નટુ તુંજ મારો પ્રભુ! હું તને પગે લાગી. પણ ગાંડા એમ જોરથી બૂમો ન પાડીએ હો. બાપાને આવી બૂમોથી દુઃખ થાય છે.'

"ઠીક બ્હેન હું બૂમો નહિ પાડું, પણ બાપા સુઇ કેમ લે છે! હાં, બ્હેન, બ્હેન, આપલી બા ભગવાનના ઘલે ગઇ છે તે કયાલે આવશે?" નટુનું બોલવું સાંભળી વિમળાને ડુમો ભરાઇ આવ્યો. પણ તેને જેમ તેમ સમાવી તે પોતાના કામે લાગી.

જગદીશ ઘેરથી બહાર નીકળ્યો, અને રાત્રે કરેલા નિશ્ચય પ્રમાણે પ્રથમ તે એક રાત્રીશાળાના માલિક પાસે નોકરીને માટે ગયો. સદ્ભાગ્યે તેઓ ઘરમાંજ હોવાથી તરત

તેમને મળી શકાયું. જગુએ પોતાની હકીકત ટુંકામાં કહી સંભળાવી અને 'જો મને નાઈટ સ્કૂલનું કામ સોંપશો તો જીંદગી પર્યંત હું આપનો આભારી રહીશ." એમ પણ દીનતાપૂર્વક કહ્યું. પરન્તુ માલિકે તેની હકીકત પર બીલકુલ લક્ષ ન આપતાં "મેટ્રિક અને સ્કૂલ ફાઇનલ પાસ થયેલા જોઇએ તેટલા ઉમેદવારો અમને મળે છે, તો પછી તમારા જેવાની અમને શી જરૂર! જો કે હું તમારી માગણી મંજુર રાખી શકતો નથી તેથી મને દીલગીરી થાય છે પણ લાચાર!" આવા પ્રકારનો વિચિત્ર અને નિરાશા ભરેલો જવાબ સાંભળી જગદીશે રજા લીધી. ત્યાંથી તે એક બીજી નાઈટ સ્કૂલના માલિક પાસે ગયો. પરન્તુ ત્યાંથી પણ તેને નિરાશજ થવું પડયું. 'રાત્રીશાળાની નોકરી પોતાને જલદી મળી જશે અને એ નોકરીને લીધે પિતાને મદદ કરવાની સાથે હું મારો અભ્યાસ પણ ચાલુ રાખી શકીશ." આ વિચાર સહેલાઇથી પાર પડશે એમ તે સમજતો હતો પરન્તુ એમ મનની સર્વ ધારણા પાર પડે, તો જગતમાં દુ:ખ જેવુ કાંઇ રહેજ નહિ. બન્ને ઠેકાણેથી પાછો ફરવાથી જગુ છેક નિરાશ થઈ ગયો. 'હવે શું કરવું,' તેનો તે કાંઇ નિર્ણય કરી શકયો નહિ. પરન્તુ આમ હતાશ થવાથી પોતાનું કાર્ય સિદ્ધ થાય તેમ નથી એમ વિચારી જલદીજ કાર્ય સાધનાના અન્ય ઉદ્યોગમાં લાગ્યો.

દામોદરદાસ નામના એક લક્ષાધિપતી ભાટીયા ગૃહસ્થ છે. તેઓ સત્પાત્રે દાન કરે છે. ગરીબ અને મુસીબતમાં આવી પડેલા માણસને તેઓ પોતાથી બનતી મદદ કરે છે, એમ જગદીશે ઘણીવાર સાભળ્યું હતું. વળી તેજ દામોદરદાસ શેઠના દિકરાને ખાનગી શીખવવાને થોડા વખત ઉપર પોતાનો બાપ તેમને ઘેર જતા હતા તેપણ તેને ખબર હતી. દામોદરદાસના દયાળુપણાની અનેક વાતો ગોવિંદરામે પોતાના ઘેર છોકરાંઓને કહી હતી. પરન્તુ પોતાની મુસીબતની સ્થિતિ હોવા છતાં આવા ઉદાર માણસની સહાય માગવાનું તેના મનમાં કદી પણ આવ્યું નહતું. જગદીશના મનમાં આ વિચાર આવ્યો અને તેણે ખીસામાંથી એક કાગળ કાઢી દામોદરદાસને પોતાની સવિસ્તર હકીકતનો પત્ર લખીને તૈયાર કર્યો. તેમાં છેવટે લખ્યું હતું કે "અમારી આ સ્થિતિ તરફ લક્ષ દઇને આપ કોઇપણ નાઇટ સ્કૂલના માલિકને ભલામણ કરી મને તે નોકરી અપાવો તો આપનો અમારા કુટુંબપર મહાન ઉપકાર થયો ગણાશે."

પત્ર લખી લીધા પછી તેના મનમાં પોતાની કાર્ય સિદ્ધિ જણાવા લાગી અને તેનો આનંદ પણ અનુભવવા લાગ્યો. પણ અલ્પ સમયમાંજ તે ફરી નિરાશામાં દબાઇ ગયો પત્ર લઇ દામોદરદાસ શેઠના બંગલે જતાં તેને માલમ પડ્યું કે તેઓ બે ચાર દિવસ પહેલાં અમદાવાદ ગયા છે, જગદીશ ખિન્ન હૃદયે પાછો ફર્યો.

ઘેર આવીને ખાવા પીવાનું આટોપી જગદીશ ફરી પોતાના કામમાં ગુંથાયો. ગોવિંદરામના કોઇ શંકરપ્રસાદ કરીને પિત્રાઈ જામનગર સ્ટેટમાં મોટા હોદ્દાપર હતા. તેઓ હમણાંજ મુંબઇ આવ્યાનું જગદીશે સાંભળ્યું હતું. શંકરપ્રસાદને અને ગોવિંદરામને પત્રવ્યવહાર પણ ન હતો. શરૂઆતમાં ગોવિંદરામે પુષ્કળ પત્રો લખેલા પરન્તુ જ્યારે શંકરપ્રસાદ તરફથી એક પણ પત્રનો જવાબ મળ્યો નહિ ત્યારે છેવટે તેણે પણ પત્ર લખવાનું બંધ કર્યું હતું. શંકરપ્રસાદ બહુ લોભી અને અભિમાની હતો. ગોવિંદરામ પોતાનો કુટુંબી છે, તે ભૂલી જઇને તેને બીલકુલ તુચ્છ ગણતો હતો. અને તેના પત્રોનો ઉત્તર પણ આપતો ન હતો. આવા માણસ પાસે જવાની કાંઈ જરૂર નહતી, છતાં કહે કે " બૂડતો માણસ સેવાળને પણ પકડે " તેમ જગદીશની સ્થિતિ હતી. ગમે તેવો તોપણ તે મારો કાકો છે. તેની પાસે જવામાં કાંઇ મારી આબરૂ જવાની નથી. તે મોટા અધિકારી છે. મોટા માણસોમાં તેમની સારી લાગવગ છે. તેમની પાસે પૈસા પણ પુષ્કળ છે. અમારી હાલની સ્થિતિ તેમના જાણવામાં આવશે, તો જરૂર તે કાંઇપણ યોગ્ય માર્ગ બતાવશે એમ ધારી તે તપાસ કરતો કરતો શંકરપ્રસાદ જ્યાં ઉતર્યા હતા તે બંગલે આવ્યો. તેમને મળવા માટે કલાક દોઢ કલાક બહારજ બેસી રહેવું પડયું. છેવટે

કાકાને મળાયું તો ખરૂં. જગદીશે પોતાની ઓળખાણ આપી અને હાલની સ્થિતિની સર્વે હકીકત કહી સંભળાવી. વાત કહેતાં કહેતાં તેની આંખમાં ઝળઝળીયાં પણ આવી ગયાં ! પરન્તુ અધિકારના અને પૈસાના મદમાં નિષ્ઠુર બનેલ શંકરપ્રસાદે તેના તરફ સહાનુભૂતિ પણ બતાવી નહિ એટ-લુંજ નહિ પરંતુ ઉલટો જગદીશને શબ્દ પ્રહારથી ઝાટકી નાંખ્યો. " ગરીબ શેના, શા માટે આટલું બધું કર્યું કરજ ? મોજ મજા જરા ઓછી ઉડાવવી હતી ! અંગ્રેજી ભણવાની શી જરૂર હતી ! ગમે ત્યાં માસ્તરની નોકરી લઈ લેવી હતી ! તારો બાપ લુચ્ચો પણ કેવો ! ઘરમાં માંદગીનો ઢોંગ કરી-ને પડયો છે, અને છોકરાને મારી પાસેથી જે મળે તે લેઇ લેવાને અહીં મોકલ્યો છે. પણ આવી રીતે હું છેતરાઉં તેમ નથી. કાગળ પર કાગળો મજાની મીઠી મીઠી ભાષા-માં લખીને મોકલતો હતો તે આટલાજ માટે ! વડીલે મેળવેલી મીલ્કત ગુમાવી, ઘરબાર ગુમાવ્યાં, દેણાનો ડુંગર કર્યો. મરજી મુજબ મોજ ઉડાવી પછી કેમ દેણું ન થાય ! 'કરે તે ભરે' એમાં નાહક મારે શી ઉપાધી ! કહે છે કે 'અમને મદદ કરો' પૈસાના ઝાડ ઉગે છે શું ! કે મદદ કરીએ ! મારી પાસેથી એક પાઇ પણ મળવાની નથી, એમ તારા બાપને કહેજે. આ પ્રમાણે શંકરપ્રસાદનો વાક્ પ્રહાર ચાલુજ હતો. આ ભાષણ સાંભળીને જગદીશની

આંખમાંથી આંસુઓ પડવા લાગ્યાં! અને છેવટે સાંભળી ન શકયો ત્યારે 'તમે અમને મદદ ન કરો તો કાંઈ નહિ પણ મારા બાપને આમ ગાળો ન આપો' એમ કહી તિરસ્કાર યુક્ત ચહેરે ત્યાંથી ચાલ્યો ગયો. તે ઘેર આવ્યો. તેનો ચહેરો છેક ઉતરી ગયો હતો. સવારથી પોતે આમ તેમ અથડાયો પણ કાંઇ ફળ મળ્યું નહિ તે મનમાં આવતાં તેને ઘણું દુઃખ થયું હવે શું કરવું તે વિચાર તેના મનમાં ઘોળાવા લાગ્યો. ખરેખર, "કઠીન સમય આવતાં ન કોઈ કોઇનું સગું."

પ્રકરણ ૪ થું.

ઇચ્છાનુસાર ફળ.

ચારે બાજુથી નિરાશા મળતાં મનુષ્યનું મન નિરાશ થઇ જાય એ સર્વથા સ્વાભાવિક છે, તેવીજ સ્થિતિ જગદીશની થઈ. તે બીલકુલ ઉદાસ બની ગયો. ગઈ રાત્રીનું પોતાનું મનોરાજ્ય ક્યાં! અને ક્યાં હાલની નિરાશા! રાત્રે બધાં માણસો સુઈ ગયા પછી વિમળા અને જગદીશ 'હવે શું કરવું' તેનો વિચાર કરવા લાગ્યા. જગદીશે પોતાને વીતેલી બધી હકીકત બેનને કહી. ત્યારે તે પણ બહુ વિ-

ચારમાં પડી ગઇ. તોપણ ભાઇને ઉત્તેજિત કરવા માટે કાંઇ અન્ય પ્રયત્ન કરવા કહ્યું.

"ભાઇ, આપણું કોઈ નથી! પણ પરમેશ્વર તો આપણા છેજ. તેજ આ મુશીબતમાંથી આપણને પાર ઉતારશે." બેનના ભાષણથી જગદીશની હોંસ વધી, અને ફરી પ્રયત્ન કરવા તૈયાર થયો. નિરાશા મળે, અપમાન સહન કરવું પડે, તોપણ પ્રયત્ન કરતાં પાછા હઠવુ નહિ એમ તેણે દૃઢ નિશ્ચય કર્યો.

બીજે દિવસે જગદીશ નિશાળે ગયો. પણ તેનું ચિત્ત અભ્યાસમાં ન હતું. તેના મનમાં વિચારની ધમાલ ચાલતી હોવાથી તેના ચહેરાપર ઉદાસીનતા જણાઇ આવતી હતી. જગદીશ હુશિયાર અને સદ્‌ગુણી છોકરો હોવાથી સ્કૂલના સઘળા વિદ્યાર્થીઓ અને શિક્ષકોનો તેના પર બહુ પ્રેમ હતો. તેમાં વળી તેના કલાસ માસ્તર તેના બાપના મિત્ર હતા. તેમણે જગદીશના ચહેરાપરની ઉદાસીનતા જોઇને રજા મળ્યા બાદ તેને પોતાના ઘેર બોલાવ્યો અને 'તું આટલો બધો ઉદાસ કેમ જણાય છે!' વગેરે સર્વ હકીકત મમતાથી પૂછવા માંડી. જગદીશને કાલનો જે કડવો અનુભવ મળ્યો હતો અને તેથી તેને જે દુઃખ થયું હતું, તે સવ સવિસ્તર માસ્તરને કહી સંભળાવ્યું. તેની હકીકત સાંભળી માસ્તરને અતીશય દુઃખ થયું. તેને ધીરજ આપીને કહ્યું.

" જગદીશ કાંઇ ફિકર નહિ. હું મારાથી બની શકશે તે-ટલી તજવીજ કરીને તને આ પ્રસંગે મદદ કરીશ તું દીલ-ગીર ન થા! જશે આ દિવસો પણ ચાલ્યા જશે!" માસ્તરના આ પ્રેમાળ શબ્દોથી જગદીશની અર્ધી ફિકર તો ઉડી ગઇ.

ખરેખર માસ્તરે જગદીશની ફિકર પોતાના માથે ઉપાડી લીધી. તેને મદદ કરવાને પોતાથી બની શકે તેટલી તજવીજ ચલાવી. બીજી સગવડ થતાં સુધી પોતાના પગાર-માંથી દરમહીને ૧૦ રૂપીઆ જગદીશને મદદ તરીકે આપવાનું તેમણે કબૂલ કર્યું. પોતાના એક ડાક્ટર મિત્રની સાથે જગ-દીશને ઓળખાણ કરાવી આપી અને ગોવિંદરામને મફત દવા આપવાનો બંદોબસ્ત કરી આપ્યો. એક સંસ્થા તરફથી જગદીશને ૧૦ રૂા. ની એક સ્કોલરશીપ અપાવી.

જગદીશ ડાકટર સાહેબના પરિચયમાં આવતાં પોતાના સદ્ગુણને લીધે તે તેમની મમતા મેળવી શકયો, જગદીશ જેવા ચાલાક અને સદ્ગુણી વિદ્યાર્થીને પોતાનાથી બની શકે તેટલી મદદ કરવાની ડાકટર સાહેબે તજવીજ કરવા માંડી. પોતાના જાણીતા ગૃહસ્થની ભલામણ લઇ જગદીશ-ને તેની ઇચ્છા પ્રમાણે ૧૫ રૂા. ના પગારથી નાઇટસ્કૂલની નોકરી અપાવી. અને એક બીજો પણ ફાયદો કરી આપ્યો તેમણે સુપ્રસિદ્ધ ગૃહસ્થ દામોદરદાસ પાસે જગદીશની

બહાામણુ કરીને તેની સર્વે હકીકત તેમને કહી સંભળાવી દામોદરદાસ સત્પાત્રે દાન કરવાને ઉત્સુક હતા. તેથી તેમણે તેને મદદ કરવાનું કબૂલ કર્યું. જગદીશ જે ઘરમાં રહેતો હતો, તે જગ્યાના માલેકને બોલાવીને દામોદરદાસે તેનું સર્વ ભાડું ચૂકતું કર્યું અને તેમને રહેવાને માટે પોતાની એક ચાલમાં મફત જગ્યા આપી. તે ઉપરાંત જગદીશને દર મહીને ૨૦ રૂ. નો પગાર બાંધી આપ્યો. જગદીશે આ બક્ષીસને માટે શેઠનો ભારે ઉપકાર માન્યો. પરન્તુ આવી મોટી બક્ષીસ કાંઇ પણ બદલા સિવાય લેવી તે તેને ઠીક નહિ લાગવાથી તેણે દામોદરદાસના દિકરાને અંગ્રેજી શીખવવાની શરૂઆત કરી.

જગદીશ આ પ્રમાણે પૈસા મેળવવા લાગ્યો હતો તેજ પ્રમાણે વિમળા પણ પૈસા મેળવવાના ઉદ્યોગમાં ગુંથાએલી હતી. તે ઘરમાં બેસીને કઇ રીતે પૈસા મેળવી શકે? પણ તેણે તેને માટે તજવીજ ચલાવી હતી. લક્ષ્મીબાઇ નામની એક શ્રીમંત પણ સરળ મનનાં બાઇ સાથે વિમળાને સારો પરિચય થયો હતો. ગોવિંદરામપર કઠણ પ્રસંગ જોઇને તેણે વિમળાને મદદ કરવાનું ધાર્યું. પોતાની દીકરીને રોજ શીખવવા બદલ તેને દરમહીને ૫ રૂ. આપવા માંડયા, તે ઉપરાંત નવરાશની વખતમાં વિમળા શિવણકામ, ગુંથણકામ, ભરત કામ કરીને પૈસા મેળવવા લાગી. બહુજ

કરકસરથી ઘરનું ખર્ચ ચલાવીને તે ખર્ચને માટે ભાઈ પાસેથી મળેલા પૈસામાંથી પણ કાંઈ કાંઈ પૈસા બચાવવા લાગી. એક દિવસે લક્ષ્મીબાઇએ વિમળાને એક ઈનામી જાહેર ખબર વાંચી બતાવીને કહ્યું "વિમળા, 'સતી સાવિત્રીના ચરિત્ર' ઉપર એક કમીટીએ ખાસ બાળાઓ માટે ૧૫ રૂા. નું ઇનામ મુકરર કર્યું છે. તને વાંચવાનો બહુ શોખ છે, અને તારી ભાષા પણ સારી છે. તું પ્રયત્ન તો કરીજો! કદાચ ઇનામ મળે! લક્ષ્મીબાઇના ઉત્તેજનથી વિમળાએ 'સતિ સાવિત્રી' નામે એક લેખ લખી મોકલ્યો. કમીટીએ વિમળાનો લેખ પહેલા નંબરનો ગણ્યો અને તેને ૧૫ રૂ. ઇનામ મળ્યું.

ધીમે ધીમે ગોવિંદરામની પ્રકૃતિ સુધરવા લાગી તોપણ તેની માંદગી ઘણા દિવસ ચાલી આ મુદતમાં જગદીશ અને વિમળાએ જે મુસીબત વેઠી છે તેની ગણત્રી થઇ શકે તેમ નથી. બન્નેને રાત દિવસ એક સરખી મહેનત કરવી પડતી. પોતાના બાપની માંદગીમાં તેમને જરા પણ દુઃખ ન પડે તેને માટે તેઓ બહુ કાળજી રાખતાં.

જગદીશ અને વિમળાએ પોતાના પિતાને ચિંતામાંથી મુક્ત કરવાનો જે નિશ્ચય કર્યો હતો, તે જલદીજ અમલમાં મૂક્યો. પિતાનું તમામ દેણું આ સદ્‌ગુણી બાળકોની સિલકથી ચુકવાઇ ગયું. પિતા કરજ મુક્ત થયા.

તેમની ચિંતા જતી રહી. હવે માત્ર વિમળાના લગ્નની ફિકર રહી. પરન્તુ ડાકટર સાહેબની મમતાથી તે ચિંતા પણ જલદીજ જતી રહી. ડાકટર સાહેબે પોતાના નાનાભાઇ માટે કાંઇ પણ પહેરામણી સિવાય વિમળાની માગણી કરી.

સઘળી ચિંતાથી પોતાને મુક્ત કરનાર આ પિતૃ-ભક્ત બાળકોને માટે ગોવિંદરામને કેટલી નવાઇ, અને કેટલું અભિમાન ઉત્પન્ન થયું હશે તેની માત્ર કલ્પનાજ કરી શકાય !

સમાપ્ત

—વેપાર ઉદ્યોગને ખરૂં શિક્ષણ આપતી શાળા—

ધી કોરોનેશન શોર્ટહેન્ડ એન્ડ ટાઈપ રાયટીંગ સ્ટુડીઓ.

બંદર રોડ પારસી થીએટર સામે.

અંગ્રેજી પાંચ ધોરણ સુધી શીખેલા છોકરાઓ, તથા ઓફીસોમાં નોકરી કરતા યુવાનોને અંગ્રેજી નામું, શોર્ટહેન્ડ, ટાઇપરાયટીંગ, એન્ક ચલણની માહિતી, વિમાઓ, અને વેપારી કાયદાઓ વગેરે સંબંધી જ્ઞાન મેળવી જીંદગીને સુખરૂપ બનાવવાની ઉત્તમ તક.

ફી ઘણીજ જુજ **અનુકુળ વખત.**

આજેજ મેનેજરને મળો અથવા લખો.

M. B. Dalal.

કરાચી. } **મેનેજર.**